# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૦૩ | ૩ ઓકટોબર, ૨૦૧૬, સોમવાર ; આસો સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ત્રાસવાદી હુમલાઓનો ખતરો

**ભારતની તમામ સુરક્ષા સંસ્થાઓ હાલમાં હાઈએલર્ટ ઉપર : એન્ટી હાઈજેક કવાયત માટે એનએસજી દ્વારા વિમાનો મંગાવાયા : ડિઝાઈનની દ્રષ્ટિએ પ્રેક્ટિસ કરાશે : હુમલાની સ્થિતિમાં કડક કાર્યવાહી થઈ શકે તેવો હેતુ**

નવી દિલ્હી,તા. ૨

પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં ભારતીય સેનાએ સર્જીકલ હુમલા કર્યા બાદ દેશના મહત્વપૂર્ણ સ્થળો ઉપર ત્રાસવાદી હુમલાનો ખતરો તોળાઈ રહ્યો છે. આ બાબતને ધ્યાનમાં લઈને ભારતની તમામ સુરક્ષા સંસ્થાઓ હાલમાં હાઈએલર્ટ ઉપર છે. આ ક્રમમાં નેશનલ સિક્યુરિટી ગાર્ડ (એનએસજી) દ્વારા તમામ ભારતીય એરલાઈન્સ અને ચાર્ટર્ડ વિમાન ઓપરેટરને સૂચના આપી છે કે, ઉપયોગમાં આવનાર તમામ વિમાનને તેમના માટે પહેલા ચકાસણી માટે ઉપલબ્ધ કરાવવામાં આવે. એનએસજીના કમાન્ડો આ વિમાનના ડિઝાઈનની દ્રષ્ટિએ એન્ટી હાઈઝેક ડ્રીલ્સની પ્રેક્ટિસ કરનાર છે. ભવિષ્યમાં કોઈપણ વિમાનનું અપહરણ થવાની સ્થિતિમાં વધારે સારી કાર્યવાહી કરવાના ઈરાદાથી ડ્રીલને અંજામ આપવામાં આવનાર છે. એરલાઈન્સના એક સિનિયર અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, અમને વિમાન ઉપલબ્ધ કરાવવા માટે કહેવામાં આવ્યું છે. તમામ પ્રકારના વિમાન ઉપર એનએસજીના કમાન્ડો દ્વારા એન્ટી હાઈઝેક ડ્રીલ યોજવામાં આવનાર છે. ઈન્ડિયન એરલાઈન્સે એનએસજી માટે માત્ર એક શરત રાખી છે. થોડાક વર્ષ પહેલા એન્ટી હાઈઝેક ડ્રીલ દરમિયાન એક વિમાનના આંતરિક હિસ્સાને નુકસાન થયું હતું. ત્યારબાદ ડીજીસીએને માહિતી આપવામાં આવી હતી. તેઓએ આ મુદ્દો એરલાઈન્સ તરફથી ઉઠાવ્યો હતો. સૂત્રોના કહેવા મુજબ ડીજીસીએ દ્વારા સુરક્ષા

● અનુસંધાન પાન-૭ પર



મન મોર બની... - નવરાત્રિના આરંભે જ યુવાનોમાં ભારે થનગનાટ જોવા મળ્યો હતો... ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આયોજીત નવલી નવરાત્રિમાં ખેલૈયાઓ મન મૂકીને ગરબે ઘૂમ્યા હતા. રાત પડતાં જ શહેરનું યુવાધન જાણે એક જ દિશા તરફ દોડવા માંડ્યું હોય એવો ઘાટ સર્જાયો હતો... એટલા જ ઉત્સાહથી આ યુવા ખેલૈયાઓ ગાંધીનગર કલ્ચરલ ફોરમના આંગણે ગરબા પણ રમ્યા હતા....

# વ્યાજદર યથાવત રહેવાની સંભાવના

**મંગળવારના દિવસે એમપીસીની સમીક્ષા : ફુગાવાને લઈને આંકડા પર નજર : છ સભ્યોની એમપીસી દ્વારા સમીક્ષા કરાશે : તમામ કારોબારીઓની નજર કેન્દ્રિત**

નવીદિલ્હી,તા. ૨

આરબીઆઈની નાણાંકીય નીતિ સમીક્ષાને લઈને બેન્કરો અને કારોબારીઓમાં ફરી એકવાર ચર્ચા જોવા મળી રહી છે. આરબીઆઇ વ્યાજદરમાં વધુ કોઈ ઘટાડો હાલમાં કરે તેવી શક્યતા દેખાઈ રહી નથી. મંગળવારના દિવસે આરબીઆઈના ગવર્નર ઉર્જિત પટેલના નેતૃત્વમાં નવી રચવામાં આવેલી મોનિટરી પોલીસી કમિટી તેની પ્રથમ સમીક્ષામાં વ્યાજદર યથાવત રાખે તેવી શક્યતા છે. ફુગાવાને લઈને હજુ સુધી પરિસ્થિતી પર નજર રાખવામાં આવી રહી છે.

ચોથી ઓક્ટોબરના દિવસે પોલીસી સમીક્ષા જારી કરવામાં આવનાર છે. છ સભ્યોની એમપીસીની આ પ્રથમ પોલીસી સમીક્ષા રહેશે. પોલીસી સમીક્ષા પહેલા જુદી જુદી બેંકોના વડાઓ દ્વારા પોત પોતાની પ્રતિક્રિયા આવી રહી છે. બેંક ઓફ મહારાષ્ટ્રના મેનેજિંગ ડિરેક્ટર અને મુખ્ય

● અનુસંધાન પાન-૭ પર

# વીરભદ્રની સંપત્તિ જપ્ત કરવા માટેની ઈડીની તૈયારીઓ

**કોર્ટ તરફથી લીલી ઝંડી મળ્યા બાદ તૈયારી**

નવીદિલ્હી,તા. ૨

હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી વીરભદ્રસિંહની મુશ્કેલી હાલમાં ઓછી થાય તેવા કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. કારણ કે, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા વીરભદ્રસિંહ અને તેમના પત્નીની આશરે ૮ કરોડની સંપત્તિ જપ્ત કરવાની દિશામાં પહેલ કરી દીધી છે. ખાસ એન્ટી મનીલોન્ડરિંગ કોર્ટ દ્વારા કહેવામાં આવ્યું છે કે, આ સંદર્ભમાં ઈડી દ્વારા ઓર્ડર મેળવી લેવામાં આવ્યો છે.

આ વર્ષે માર્ચ મહિનામાં એજન્સીએ પ્રવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટની જોગવાઈ હેઠળ દક્ષિણ દિલ્હીના જીકે એરિયામાં એક ઈમારતના બે ફલોર, ફિક્સડ ડિપોઝીટ, બેંક બેલેન્સ, એલઆઈસીની પોલિસીઓ જપ્ત કરવાનો આદેશ કર્યો હતો.

મૂળભૂત ફરિયાદના આ સમગ્રીને ધ્યાનમાં લેતા હવે અન્ય સંપત્તિ જપ્ત કરવાની દિશામાં ઈડીએ પહેલ કરી દીધી છે. એજન્સીએ તાજેતરમાં જ મુખ્યમંત્રીના પત્નિ પ્રતિભા અને તેમના પુત્ર વિક્રમાદિત્યની પુછપરછ કરી હતી. ઈડી દ્વારા આ વર્ષે ૨૩મી માર્ચના દિવસે ૭.૯૩ કરોડની સંપત્તિ જપ્ત કરવા માટેનો આદેશ આપ્યો હતો. મુખ્યમંત્રી વીરભદ્રસિંહ, તેમના પત્નિ સામે ઈડી દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદમાં ચકાસણી કરાયા પછી ઉંડી તપાસ થઈ રહી છે.

પીએમએલએ હેઠળ દાખલ કરવામાં આવેલી ફરિયાદમાં ઈડીએ કહ્યું છે કે, ઘણી બધી ફરિયાદો મળી ચુકી છે. ઈડી દ્વારા મની લોન્ડરિંગ કાયદા હેઠળ મુખ્યમંત્રી સામે કેસ દાખલ કર્યો છે. તેમના પરિવારના સભ્યો પણ ફસાઈ ચુક્યા છે.

# પીએફના પૈસા ગીરવે મુકીને આવાસની ખરીદી થઈ શકશે

નવીદિલ્હી,તા. ૨

દેશના આશરે ચાર કરોડ ઈપીએફઓ ખાતા ધારકો આગામી વર્ષથી પોતાના પીએફની રકમને ગિરવે મૂકીને આવાસની ખરીદી કરી શકશે. એટલું જ નહીં પીએફ ખાતા ધારકો પાસે એવી સુવિધા પણ રહેશે કે માસિક હપ્તા મારફતે પણ આ ખાતાનો ઉપયોગ ચુકવણી માટે કરી શકાશે. ઈપીએફઓના સેન્ટ્રલ પ્રોવિડંડ ફંડ કમિશનર વીપી જોયે કહ્યું છે કે, અમે એક ઈપીએફઓ સભ્યો માટે હાઉસિંગ સ્કીમ ઉપર કામ કરી રહ્યા છે.























